# પુરોવચન

પરમ પૂજ્ય શ્રી રમાનાથને શત શત પ્રણામ.

ભારત મારો દેશ છે. મારો મહાન દેશ મને બહુ વહાલો લાગે છે. અનેક વડીલો, યુવાનો-યુવતીઓ, વિદ્યાર્થીઓ આશ્રમે આવે છે. ભારત શું છે? ભારતમાં શું છે? ભારતમાં શું થયું છે? આ વિશે બહુ ઓછા લોકો જાણે છે. હું તેમને ભારત વિશે કાંઈક સમજાવું છું.

એક મિત્રએ મને કહ્યું –

'આપ ભારત વિશે આ બધું લખી શકો તો સારું! અનેક લોકો ભારતને સમજી શકશે.' ભારતને સમજવા માટે ભારતની ઋષિપરંપરા સમજવી જોઈએ. તદનુસાર લખાય છે –

'ભારતના ઘડવૈયા', 'આર્યાવર્તના ઋષિઓ', 'ભારતીય મનોવિજ્ઞાન', 'મહર્ષિ વસિષ્ઠ' અને આપના હાથમાં – 'મહર્ષિ વિશ્વામિત્ર'.

અમને વિશ્વામિત્રજી ખૂબ ગમે છે. તેમની જીવનવિકાસયાત્રા, તેમની અજોડ તપશ્ચર્યા, ક્રાંતિકારિતા અને વિશ્વરથી બ્રહ્મર્ષિ વિશ્વામિત્ર સુધીની તેમની પ્રચંડ યાત્રા જોઈને, સમજીને માથું નમી ગયું. વિશ્વામિત્રજી સાથે મારો કોઈ બહુ જૂનો નાતો હોય તેમ લાગ્યા કરે છે. તેમની મારે સેવા કરવી છે. તેમની સેવા કેવી રીતે કરવી? બ્રહ્મર્ષિજી! વિશ્વામિત્રજી! આ લઘુગ્રંથને આપ મારી સેવા તરીકે સ્વીકારો તેવી પ્રાર્થના કરું છું.

વિશ્વામિત્રજી અને વસિષ્ઠજી વચ્ચે વૈમનસ્ય થયું હતું અને બંને મહાનુભાવો વચ્ચે વિરોધ પણ પ્રગટ થયો હતો. આમ છતાં આ બંને ઋષિઓ મહાન નહીં, મહાનતમ ઋષિઓ હતાં તેમના વિશે અમને કોઈ શંકા નથી. તેથી જ આ બંને ઋષિઓ બ્રહ્મર્ષિ ગણાયા છે.

મારી હિમાલયની યાત્રાઓ દરમિયાન મને સતત લાગ્યા કરે – આ જ ભૂમિ પર બ્રહ્મર્ષિ વસિષ્ઠજી અને બ્રહ્મર્ષિ વિશ્વામિત્રજી રહ્યા હશે, ચાલ્યા હશે. આ ભૂમિ પર તેમણે પ્રચંડ તપશ્ચર્યા કરી હશે. તેઓ હમણાં જ અહીં ક્યાંક મળી જશે તો? તો હું તેમના ચરણમાં દંડવત્ પ્રણામ કરીશ અને તેઓ મને કહેશે;

'બેટા! આ ભૂમિમાં પથ્થરો હોય, કાંટા હોય, કાંકરા હોય! અહીં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ ન કરાય! શરીરમાં ક્યાંક વાગી જાય!'

હું ઉત્તર નથી આપતો પણ મનમાં મનમાં કહું છું;

'આ ભૂમિના કાંટા, આ ભૂમિના કાંકરા, આ ભૂમિના પથ્થરો મને પવિત્ર કરશે. આ હિમાલય છે. આ ઋષિઓની તપોભૂમિ છે!'

અને પછી?

તેઓ મારાં નાનકડાં મસ્તક પર તેમનાં મહાન હાથ મૂકશે તો હું ધન્ય થઈ જઈશ!

વૈદિક ધર્મ અર્થાત્ સનાતનધર્મ કોઈ એક ધર્મગુરુનું પ્રદાન નથી. ભગવાન ઈશુ દ્વારા ખ્રિસ્તીધર્મનો પ્રારંભ થયો. મહંમદ પયગંબર દ્વારા ઇસ્લામધર્મનો પ્રારંભ થયો. હિન્દુધર્મનો પ્રારંભ કોઈ એક ધર્મગુરુ દ્વારા થયો નથી. આ તો સનાતનધર્મ છે. ભગવાન શ્રીકૃષ્ણ અને ભગવાન શ્રીરામ પહેલાં પણ આ આપણો સનાતન ધર્મ તો હતો જ. બ્રહ્મર્ષિ વસિષ્ઠજી અને બ્રહ્મર્ષિ વિશ્વામિત્રજી પહેલાં પણ સનાતન વૈદિક ધર્મ તો હતો જ!

સનાતનત ધર્મ એ કોઈ સ્થિર ઘટના નથી. એ તો એક સદા વિકાસમાન અમૃતધારા છે. આ વિકાસયાત્રામાં અનેક ઋષિઓએ પોતાનું પ્રદાન કર્યું છે. આ યાદીમાં બે ઋષિઓના નામ વિશેષતઃ નોંધનીય છે. આ બે નામ છે –

૧. બ્રહ્મર્ષિ વિશ્વામિત્રજી

૨. બ્રહ્મર્ષિ વસિષ્ઠજી

વસિષ્ઠજીની જીવનયાત્રા શાંત નદીની જેમ સહજ, સરલ રીતે આગળ વધતી રહે છે, જાણે સપાટ ભૂમિ પર વહેતી નદીનો પ્રવાહ!

વિશ્વામિત્રજીની જીવનયાત્રા તો મહાન ક્રાંતિકારીની જીવનયાત્રા છે, જાણે પહાડી વિસ્તાર, હિમાલયમાં વહેતી નદીનો પ્રવાહ.

વિશ્વરથથી વિશ્વામિત્ર, વિશ્વામિત્રથી રાજર્ષિ વિશ્વામિત્ર, રાજર્ષિ વિશ્વામિત્રથી મહર્ષિ વિશ્વામિત્ર અને મહર્ષિ વિશ્વામિત્રથી બ્રહ્મર્ષિ વિશ્વાસમિત્ર – આ યાત્રા પરમ ક્રાંતિકારી આત્માની જીવનયાત્રા છે.

વિશ્વામિત્ર અને મેનકાથી જન્મે છે શકુંતલા. શકુંતલાથી જન્મે છે સર્વદમન ભરત. આ ભરત સમ્રાટ ભરત બને છે અને તેમાંથી ભરતવંશ! આ ભરતના નામ પરથી આપણા મહાન દેશનું નામ ‘ભારતવર્ષ’ પડે છે. આ પરંપરાનો પ્રારંભ પણ વિશ્વામિત્રથી થાય છે. વસિષ્ઠજી સપાટ પ્રદેશની શાંતનદીનો પ્રવાહ છે. વિશ્વામિત્રજી પહાડી પ્રદેશની ખડભડાટ કરતી ઊછળતી-કૂદતી નદીનો પ્રવાહ છે.

બંને બરાબર છે. અહીં ચડિયાતા-ઊતરતાનો પ્રશ્ન નથી. બંને પોતાની રીતે બરાબર જ છે!

અમારા ચિત્તમાં આ બંને મહર્ષિઓ, શ્રીવિશ્વામિત્રજી અને શ્રીવસિષ્ઠજી પ્રત્યે અપાર આદર અને પૂજ્યભાવ છે. અમારા આ લખાણ દ્વારા અમે તેમની પૂજા કરી રહ્યા છીએ તેવો ભાવ છે.

બંને મહર્ષિઓના ચરણોમાં પ્રાર્થના છે. ‘હે મહર્ષિઓ! તમે મારી આ નાની પૂજાનો સ્વીકાર કરો અને આ પૂજા દ્વારા અમારા પર પ્રસન્ન થાઓ. પુનઃ પુનઃ પ્રાર્થના છે. અમારા પર કૃપાદૃષ્ટિ રાખજો.’

અમે અમારા આશ્રમેથી અવકાશમાં જોઈએ છીએ. અવકાશસ્થિત સપ્તર્ષિનાં દર્શન કરીએ છીએ અને સપ્તર્ષિમાં

અવસ્થિત વિશ્વામિત્રજી, વસિષ્ઠજી અને અરુંધતીનાં દર્શન કરીએ છીએ, પ્રણામ કરીએ છીએ.

હે ઋષિવર્ય વિશ્વામિત્રજી! હે ભારતના ઘડવૈયા! તમે અમારા પર, અમારા દેશ પર અને અમારી પૃથ્વી પર કૃપાદૃષ્ટિ રાખજો અને અમને સૌને સહાય કરતા રહેજો.

પરમ પૂજ્ય બ્રહ્મર્ષિ વિશ્વામિત્રજીના ચરણોમાં શત સહસ્ર પ્રણામ.

પરમ પૂજ્ય બ્રહ્મર્ષિ વસિષ્ઠજીના ચરણોમાં શત સહસ્ર પ્રણામ

સૌને વંદન! સૌનો આભાર!

**– ભાણદેવ**

# અનુક્રમ


1. વંશ-પરિચય . . . . . . . . . . . . . . . . . . . . 1
2. વિશ્વામિત્રથી સમ્રાટ ભરત . . . . . . . . . . 11
3. પ્રભુ શ્રીરામ સાથે વિશ્વામિત્રજી . . . . . . 38
4. અહલ્યા-ઉદ્ધાર અને ગંગાવતરણ . . . . . 65
5. બ્રહ્મર્ષિ વિશ્વામિત્રજી . . . . . . . . . . . . . 75
6. વિશ્વામિત્રજી અને ત્રિશંકુ . . . . . . . . . . 83
7. વિશ્વામિત્ર અને વસિષ્ઠ . . . . . . . . . . . 93
8. સવિતૃ-ઉપાસના. . . . . . . . . . . . . . . 101
9. વિશ્વામિત્ર-નદીસંવાદસૂક્ત . . . . . . . . .111